
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૨, શ્રાવણ વદ – ૧૨ • તા. ૨૯ ઓગષ્ટ, ૨૦૧૬ • અંક : ૫

5



શેઠ આણંદજી કલ્યાણજી

અમદાવાદ

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

## દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....

## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

**૧૫ વર્ષ પછી આવનારા**
**સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?**

**બસ ! આજથી ફક્ત ૧ રૂપિયો પ્રતિદિન**
**૧ વર્ષ ના રૂા. ૩૬૦, ૧૫ વર્ષના રૂા. ૫૪૦૦.**

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક/રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં 50100165224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન-સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

વર્ષ : ૧ અંક : ૫ મૂલ્ય : ₹ ૨૦ વાર્ષિક લવાજમ : ₹ ૧૦૦

**खमियव्वं ।** ક્ષમા માંગી લ્યો
**खमावियव्वं ।** ક્ષમા આપી દો.
**उवसमियव्वं ।** ઉપશાંત બની જાઓ,
**उवसमावियव्वं ।** ઉપશાંત બનાવો !

**जो उवसमई तस्स अत्थि आराहणा**
જે ઉપશાંત બને છે, શાંત રહે છે તે આરાધક છે.
તેની આરાધના સાર્થક છે.

**जो न उवसमई तस्स नत्थि आराहणा ।**
જે ઉપશાંત થતો નથી. તે આરાધક નથી !
તેની આરાધના નિરર્થક છે.

**तम्हा अप्पणा चेव उवसमियव्वं ।**
માટે આપણે આપણી જાતને ઉપશાંત બનાવી દેવાની !
આપણે શાંત થઈ જવાનું કારણ કે

**'उवसम सारं खु सामण्णं'**
ઉપશાંત ભાવ, ઉપશમભાવ એજ શ્રામણ્યનો સાર છે.
સાધનાની ફલશ્રુતિ છે.

: પ્રકાશક :
**શેઠ આણંદજી કલ્યાણજી**
**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,**
**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.**

**'શ્રી આનંદ કલ્યાણ' (ત્રૈમાસિક પત્ર)**

વર્ષ : ૧ | અંક : ૫

પ્રકાશન

વિ.સં. ૨૦૭૨, શ્રાવણ વદ-૧૨ • તા. : ૨૯-૦૮-૨૦૧૬, સોમવાર

**પ્રકાશક :**

**મહેન્દ્ર શાહ** (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com / info@anandjikalyanjipedhi.org

**મુદ્રક :**

નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

'આણંદ કલ્યાણ' મેગેઝિન પરિવાર તરફથી આપ સહુને

અન્તઃકરણ પૂર્વક સાંવત્સરિક ક્ષમાપના સાથે

# 'મિચ્છામિ દુક્કડં'

**તા. ૨૬-૩-૨૦૧૬ના રોજ પારણાભવન (પાલીતાણા) ખાતે આયોજિત તપાગચ્છીય શ્રમણ સંમેલનના પૂર્વ દિનની સ્વાગત યાત્રામાં તપાગચ્છીય શ્રમણ સંમેલન નિયુક્ત શ્રાવક સમિતિ વતી ઉપસ્થિત રહેલા શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ**

## શ્રી સંવેગભાઈ લાલભાઈનું શુભેચ્છા વક્તત્વ

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતો, પૂજ્ય આચાર્ય ભગવંતો પૂજ્ય પદસ્થ મુનિભગવંતો અને મુનિ ભગવંતો તથા શ્રી સંઘના મારા વડીલો અને ભાઈઓ

સંમેલનના આ શુભ પ્રસંગે આપ સહુને વંદન તથા અભિનંદન પૂર્વક આવકારતા મને અત્યંત હર્ષ થાય છે.

શાશ્વત તીર્થ શત્રુંજય ગિરિરાજ અને આદીશ્વર દાદાની છત્ર છાયામાં પૂજ્ય સાધુ-સાધ્વીજી તથા લાખો શ્રાવક-શ્રાવિકાઓ અને શ્રદ્ધાળુ ભક્તજનોના પાવન પગલાંથી સમૃદ્ધ ધરતી ઉપર આ શ્રમણ પ્રમુખ ચતુર્વિધ સંઘનું મિલન સંમેલનરૂપે કદાચ પહેલીવાર થાય છે. આ પળો ધન્ય છે, આ ક્ષણો પુણ્યવંતી છે !

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા શ્રમણ ભગવાન મહાવીરના માર્ગને વરેલા ત્યાગી-વૈરાગી શ્રમણ શ્રમણી ભગવંતો અને મોટી સંખ્યામાં આવેલા આ સકળ શ્રી સંઘને જોઈને હૈયું હર્ષથી ઉભરાય છે !

આવું દ્રશ્ય પણ મહા પુણ્યોદયે જોવા મળે છે !

સમગ્ર જિનશાસનના સંચાલનની જવાબદારી તીર્થંકર ભગવંતોની ગેરહાજરીમાં 'તિત્થયર સમો સૂરિ' જેવા પંચાચારને વરેલા, છત્રીસ ગુણોથી અલંકૃત આચાર્ય ભગવંતોના શિરે છે. એમના અગાધ શાસ્ત્રજ્ઞાન, ઉંડા

આત્મજ્ઞાન, અને ઉચ્ચ ત્યાગ-તપોમય વ્યક્તિત્વ આગળ બાળક જેવા ગણાઈએ ! છતાંયે થોડીક ધૃષ્ટતા કરીને પણ મનની વાતો કરવાનું સાહસ કરું છું.

ચતુર્વિધ સંઘના દરેક વિભાગમાં અરસપરસ વાત્સલ્ય ભાવ, પ્રેમભાવ, મૈત્રીભાવ વધે એ આજની તાતી આવશ્યકતા છે. પ્રશ્નો ઘણા છે. સંકળ શ્રી સંઘ આપ સહુ પૂજ્યો તરફથી સમુચિત માર્ગદર્શન ઇચ્છે છે.

તીર્થોના સંરક્ષણ, વ્યવસ્થાપન, કેટલાક સ્થળે કાયદાકીય ગૂંચવાડાઓ, કેટલાંક સ્થળે વહીવટી પ્રશ્નો, કેટલાક સ્થળે સકળ શ્રી સંઘની ઉપેક્ષા કરીને વ્યક્તિગત પ્રભાવ અને સામર્થ્યના જોરે નુકસાન થાય તેવી પ્રવૃત્તિઓ ! આ બધા અંગે કંઈક વિચારવું પડશે !

શ્રી સંઘના વહીવટમાં પીઢતા, પ્રૌઢતા, ઠરેલપણું અને દીર્ઘદર્શિતાના અભાવમાં વ્યક્તિગત હુંસાતુંસીથી ક્ષુબ્ધ વાતાવરણ દૂર થાય એ જરૂરી છે. સમ્યગ્‌દર્શનના આચાર ઉપબૃંહણા-અનુમોદનાને શ્રીસંઘમાં ખૂબ જ વધારવાની જરૂર છે. જેથી પરસ્પર સદ્‌ભાવ અને પ્રમોદભાવ વધે ! ચતુર્વિધ સંઘના વિવિધ કાર્યો, જવાબદારીઓ, આયોજનો, અનિવાર્ય પ્રવૃત્તિઓ વગેરે માટે સાધારણ દ્રવ્યની સતત ખેંચ અનુભવાતી રહી છે.

સંઘની વિવિધ સંસ્થાઓએ એકબીજાના હરીફ નહી પરંતુ એકબીજાના પૂરક બનીને ચાલવું જોઈએ, જે સંઘની એક વાક્યતા માટે ખૂબ જરૂરી છે.

શ્રી સંઘના કમજોર ક્ષેત્રોને સક્ષમ અને સમૃદ્ધ બનાવવા માટે સફળ આયોજન કરવાનો સમય સામે જ ઉભો છે.

સાધારણ દ્રવ્યના ભંડોળ માટે સહુએ યોગદાન દેવું પડશે. આપ પૂજ્યોએ એ માટે શાસ્ત્રોચિત અને સમયોચિત પ્રેરણા પણ કરવી પડશે.

માર્ગદર્શન આપવું પડશે ! આજે ધર્મદ્રવ્ય વ્યવસ્થા બદલવાની જરૂર નથી પરંતુ આપ પૂજ્યોએ સકળ શ્રી સંઘને પ્રેરણા આપીને કમજોર ક્ષેત્રો તરફ દાન આપીને તેવી પ્રવૃત્તિઓમાં લાભ લેવાની પ્રેરણા આપવી પડશે.

પ્રભુ શાસનના પુણ્યોદયે ત્યાગ-વૈરાગ્યના માર્ગનો અપૂર્વ મહિમા આજના વિલાસી અને ભૌતિકતાથી રચ્યા-પચ્યા યુગમાં પણ ખૂબ વધ્યો છે. એ માટે આપણે જ નહી સમગ્ર વિશ્વ આશ્ચર્યચકિત થઈ રહ્યું છે. પણ સાથે જ એ શ્રમણ-શ્રમણી સંઘના યોગક્ષેત્ર માટે, આરાધના-સાધના અને આધ્યાત્મના વિકાસ માટેના પ્રશ્નો, વિહારોમાં સર્જાતા અકસ્માત વગેરેના અનેક પ્રશ્નોના સમાધાન શોધવા પડશે. સાધ્વીજી વર્ગની સુરક્ષાની બાબતને અવગણી નહીં શકાય.

અન્ય સમાજો સાથે પરસ્પર આદરભાવ, સહૃદયતા અને સહઅસ્તિત્વની ભાવના કેળવવી પડશે. સંઘર્ષનો રસ્તો વધુ નુકસાનકારક નીવડશે એવું મારું વિનમ્ર મંતવ્ય છે. અન્ય સંપ્રદાયો, ગચ્છો, વર્ગો અને સમૂહો સાથે થોડીક વધારે સહિષ્ણુતા કેળવવી પડશે. વાતે વાતે અને વારે તહેવારે સામસામે થઈ જવાનું વલણ નુકસાનકારક અને મારા પ્રમાણે તે આત્મઘાતી બનશે.

સમાજના અન્ય વર્ગો સાથે સુમેળ, કુનેહ અને સમાદર ભર્યા વ્યવહાર માટે સક્ષમ શ્રાવક વર્ગ, મજબૂત શ્રેષ્ઠિ પરંપરા, મહાજન પરંપરા પુનર્જિવિત કરવી પડશે. અને સુદૃઢ પણ બનાવવી પડશે.

આપણી પાસે જ્ઞાન-ધ્યાની, ત્યાગી, તપસ્વી અને ધુરંધર શાસન પ્રભાવક આચાર્ય ભગવંતો, મુનિભગવંતો અને શ્રમણીભગવંતોની ઉત્કૃષ્ટ પરંપરા રહી છે. એવી જ શાસનને સમર્પિત, સંઘવાત્સલ્ય અને સંઘભક્તિથી નીતરતું વ્યક્તિત્વ ધરાવતા રાજાઓ, મંત્રીઓ, શ્રેષ્ઠિઓની મોટી પરંપરા

છે. આવા અનેક શ્રાવકશ્રેષ્ઠના અવતારો આજના આપણા શ્રી સંઘમાં ઘડવા પડશે. નિઃશંકપણે પ્રભુનું શાસન અવિચ્છિન્ન રહેવાનું જ છે પણ એમાં આપણે નક્કર યોગદાન આપવું પડશે.

આ બધા મહાનુભાવોએ શાસન ભક્તિ સાથે તે તે વખતા સમાજના તમામ વર્ગોના હૃદય જીતીને, એમના દુઃખદર્દ અને પ્રશ્નોના સહભાગી બનીને મહાજનનું માનવંતુ-ગૌરવવંતુ માન મેળવ્યું હતું, સ્થાન બનાવ્યું હતું. સમાજના તમામ વર્ગો સાથે આદર-માન અને સહઅસ્તિત્વના ભાવ સાથે જ પારસ્પરિક સહિષ્ણુતા કેળવાશે. કોઈપણ પ્રશ્ને જાહેરમાં સરકાર સામે પડવાથી પ્રશ્નો ઉકેલાવાના બદલે વધારે ગૂંચવાશે. અંદરોઅંદર વાટાઘાટો દ્વારા પ્રશ્નોનો નીવેડો લાવવો વધારે ઉચિત રહેશે.

સમજું વર્ગ દૂર થતો જાય છે. તે ઉપરાંત આપણા લાંબા પ્રોગ્રામો, બહુમાનોના પ્રસંગો, પ્રસંગો પાછળ નાણાનું બિનજરૂરી વ્યય થાય છે, તેના બદલે અનુકંપા, જીવદયા, પ્રાણીદયા, માનવ કરુણાના ઝરણાઓ વહાવવાની સખત આવશ્યકતા છે. ક્યાંક આ ઝરણાઓ સૂકાઈ ના જાય ! આડંબર, હુંસાતુંસી અને દેખાડાની વૃત્તિના રણમાં શોષાઈ ના જાય, એ જોવું પડશે !

આજે શ્રાવક-શ્રાવિકાની સમર્પિતતાનો માપદંડ કમનસીબે તેમના દ્રવ્યના વ્યય ઉપર થયેલો છે તો શું જે શ્રાવક-શ્રાવિકા પાસે ઓછી લક્ષ્મી હોય અને તેના કારણે દ્રવ્યનો વ્યય ન કરી શકે તો તેની સમર્પિતતા ઓછી ગણવી ? અહીંયા આપણે શત્રુંજયના જીર્ણોદ્ધારમાં ભીમા કુંડલીયાનું દ્રષ્ટાંત યાદ કરવું જોઈએ.

જિનપ્રતિમાજીના નિર્માણમાં નવપ્રયોગોના નામે ઘણા એવા પ્રયોગો થઈ રહ્યા છે જે પ્રાચીન શિલ્પ સ્થાપત્યની અવધારણાને નુકસાન પહોંચાડશે.

લાંછન ઉપર જ સીધા પ્રતિમાજી બિરાજમાન કરવાથી સામાન્ય વ્યક્તિને એ લાંછનના બદલે પ્રભુનું વાહન લાગશે.

જીર્ણોદ્ધારના નામે પ્રાચીન કળા સ્થાપત્યનો નાશ કરીને, પરંપરાગત વારસાનો નાશ કરીને બધું જ નવું કરી દેવાના પ્રયત્નોથી પ્રાચીનતા, ઈતિહાસ, પુરાવા, ઘણું બધું નષ્ટ થઈ જશે. સ્થાપત્યના અવશેષો, પરમાત્મા તથા દેવ-દેવીઓના બિંબો, જ્ઞાનના ગ્રંથો, પટ, છોડ, ઉપકરણો તે રાચ-રચીલાના રૂપે, કરોડો રૂપિયાની કિંમતે આજે દેશમાં તથા દેશની બહાર વેચાયા છે અને ખાસી એવી આશાતના થઈ રહી છે. આવું ભવિષ્યમાં ન થાય તેના ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. અને આપનું માર્ગદર્શન સંઘને આપવું જરૂરી છે.

પ્રાચીન તીર્થભૂમિઓ, કલ્યાણકભૂમિઓ નામે શહેરો પાસે અથવા તો હાઈવે ઉપર કે અન્ય સ્થળે દેરાસરો, તીર્થો ઉભા કરવાથી ભવિષ્યની પેઢીને વાસ્તવિક તીર્થો માટે ભ્રમણા પેદા થશે જે કદાચ નુકસાનકારક બની રહેશે.

દરેક નાની મોટી સંસ્થાઓ, સમૂહો, મંડળો, ગ્રુપ વગેરે ચોક્કસ પોતપોતાની રીતે કાર્યો કરે પણ ચતુર્વિધ સંઘની મર્યાદા તો અબાધિત પણે સ્વીકારવી જ રહી ! સંઘવ્યવસ્થા ગૌણ ન બની જાય એ જોવું પડશે. અંગત મોટા કાર્યક્રમો, અનુષ્ઠાનો વિગેરે જે તે શહેર કે ગામના સંઘને ગૌણ બનાવી દે તે બરોબર નથી. સંઘની વ્યવસ્થા બની રહે તે ખૂબ જરૂરી છે.

આપ સહુ અનેક કષ્ટ વેઠીને પણ અહીં પધાર્યા છો, એ અમારા સહુનો પ્રબળ પુણ્યોદય છે. તથા ગૌરવનો વિષય છે.

ફરી એકવાર ચતુર્વિધ શ્રીસંઘના ચરણોમાં કોટિ કોટિ વંદન સાથે વીતરાગની આજ્ઞા વિરુદ્ધ કહેવાયું હોય તો 'મિચ્છામિ દુક્કડં' સાથે વિરમું છું.

# તા. ૩-૪-૨૦૧૬ના રોજ પારણાભવન (પાલીતાણા) ખાતે આયોજિત તપાગચ્છીય શ્રમણ સંમેલ ફલશ્રુતિ ઉદ્ઘોષણા મહાસભામાં તપાગચ્છીય શ્રમણ સંમેલન નિયુક્ત શ્રાવક સમિતિ વતી ઉપસ્થિત રહેલ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી સંવેગભાઈ લાલભાઈનું અનુમોદનીય વક્તત્વ

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતો, પૂજ્ય આચાર્ય ભગવંતો
પૂજ્ય પદસ્થ મુનિભગવંતો અને મુનિ ભગવંતો
અને પૂજ્ય સાધ્વીજી ભગવંતો
વડીલો તથા સાધર્મિક ભાઈઓ અને બહેનો,

ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનું ધર્મશાસન આજે પણ જયવંતુ છે એનું કારણ છે : ચતુર્વિધ સંઘની નિષ્ઠા, શ્રદ્ધા અને ભક્તિભાવ યુક્ત સમર્પણનો ભાવ !

એમાંયે પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતોની ત્યાગ-તપોમય સર્વવિરતિ માર્ગની અનન્ય ઉપાસના તથા શ્રાવક શ્રાવિકારૂપ સંઘની તથા શ્રદ્ધાળુજનોની યથાશક્તિ દેશવિરતિરૂપ ધર્મની આરાધનાના બળે પ્રભુનું શાસન જગમાં ગાજે છે.

આપણા સહુનું પરમ સદ્ભાગ્ય છે, અપૂર્વ પુણ્યોદય છે કે તપાગચ્છની પરંપરાના મહાન જ્ઞાની-ત્યાગી-ધ્યાની-તપસ્વી આચાર્ય ભગવંતો જિનશાસનની ધુરાને વહન કરે છે.

શાસનને સુદૃઢ બનાવવા, સમયે સમયે દેશ-કાળ-પુરૂષ-અવસ્થા-

રાજ્યસત્તા, સામાજિક પરિબળો વગેરેને વિવેચિત કરીને સાપેક્ષભાવે કલ્યાણકારી સૂચનો કરે છે. માર્ગ ચીંધે છે. એ આપ પૂજ્યોનો મહાન ઉપકાર છે.

શત્રુંજયગિરિની તળેટીએ, પાલીતાણાની પુણ્યમયી ધરતીના આંગણે અપૂર્વ સંમેલનરૂપે અવસર આવ્યો છે. તા. ૨૬-૩-૧૬ થી ૨-૪-૧૬ સુધી ચાલેલા આ સંમેલનમાં આપ સહુ પૂજ્યો સાથે બેઠા. સહચિંતન કર્યું, વિચારોની આપ-લે કરી. શાસ્ત્ર, પરંપરા, પ્રણાલિકા અને વર્તમાનમાં પરિવર્તિત દેશકાળને સામે રાખીને પરમ પૂજ્ય ગુરુભગવંતોએ જે નિર્ણયો કર્યા છે, તે સંપૂર્ણપણે શાસનના હિતમાં જ કર્યા છે.

પરમ પૂજ્ય ગુરુભગવંતો તો પ્રભુ ચીંધેલા માર્ગે સતત જ્ઞાન-ધ્યાનમાં રત રહે છે, પોતાના સ્વાધ્યાયમાં, તપ-તિતિક્ષામાં ડૂબેલા રહે છે. શાસન-સંઘ-સમુદાય અને અનુયાયીઓના યોગક્ષેમને વહન કરતાં તેઓએ પ્રભુ પ્રત્યે, પ્રભુએ ચીંધેલા માર્ગ પ્રત્યે, પૂર્ણ અહોભાવ તથા સકળ શ્રીસંઘ પ્રત્યે પોતાનો વાત્સલ્યભાવ દર્શાવવા પૂર્વક કિંમતી સમય ફાળવ્યો છે, ચિંતન મનન અને વિશ્લેષણ કર્યું છે.

શ્રમણ સંઘના સમુત્થાનમાં જ સકળ સંઘનું ઉત્થાન રહેલું છે એ સહુએ યાદ રાખવાનું છે.

વ્યક્તિગત રીતે જેટલું શક્ય એકલું પાલન સ્વયં કરજો.

અંગત નહીં પરંતુ સંઘીય વાતોના પાલનમાં સહયોગી બનજો.

જે કઈ શુભ થાય છે એની ખૂબ ખૂબ અનુમોદના કરજો. પરંતુ કોઈ ખોટા વાદ-વિવાદ કે ચર્ચા-ટીકાથી બિલકુલ દૂર રહેજો.

ગઈકાલે બપોરે સર્વમંગલ કરતાં પહેલાં પરમ પૂજ્ય આચાર્ય ભગવંત પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે જે વાત કરી તેનાથી મને

ખૂબ જ આનંદ થયો કે પહેલાંની જેમ જૈન સંઘ એક બને, પહેલાં જેવી શાસન ગરિમા અને પ્રતિભા બની રહે, શાસન પ્રભાવના થાય, એક વાક્યમાં તેઓએ બધુ જ કહ્યું. અન્ય ગુરૂભગવંતો જે હાજર હતા કે ગેરહાજર હતા તેમનો પણ આ જ સાદ છે. આ ઉપરાંત પરમ પૂજ્ય પદ્મસાગરસૂરીશ્વરજી એ સમગ્ર મૂર્તિપૂજક શ્રી સંઘનું સંમેલન થાય તેવા ઉમદા ભાવના વ્યક્ત કરી. જુઓ, આ બધા પૂજ્યોનો પરમાત્મા અને તેમના પ્રરૂપેલા ધર્મ માટેનો અહોભાવ, હૃદયની ઉદારતા, શાસન પ્રત્યેનો પ્રેમ અને ભાવના. આ પૂજ્યોને વંદન કરીએ એટલા ઓછા છે.

મારૂ પ્રબળ પુણ્ય ઉદયમાં આવ્યું કે મને પરમાત્મા અને ધર્મનું શરણ મળ્યું અને એમની ધુરાને વહન કરતા આવા પૂજ્યશ્રીઓની નિશ્રા, આશીર્વાદ અને માર્ગદર્શન મળ્યું છે અને ભવિષ્યમાં પણ મળતું રહેશે તેવી આશા રાખું છું.

*શ્રી શ્રમણ સંઘસ્ય શાંતિર્ભવતુ*

*શ્રી સકલ સંઘસ્ય શાંતિર્ભવતુ*

આ અવસરે મને મંગળદીવાની અંતિમ કડી બોલવાનું ખૂબ યોગ્ય લાગે છે.

*અમ ઘેર મંગલિક તુમ ઘેર મંગલિક*

*મંગલિક ચતુર્વિધ સંઘને હોજો*

જિન શાસનના સર્વ ચતુર્વિધ સંઘને ભાવપૂર્વક ફરી ફરી વંદના કરું છું. પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ અજાણતા પણ કઈ કહેવાયું હોય તો

**ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં**

# તા. ૨-૪-૨૦૧૬ના રોજ મહારાષ્ટ્રભવન (પાલીતાણા) ખાતે આયોજિત શ્રમણ સંમેલમાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી સંવેગભાઈ લાલભાઈએ આપેલું વક્તત્વ

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતો, પૂજ્ય આચાર્ય ભગવંતો પૂજ્ય પદસ્થ મુનિભગવંતો, વડીલો તથા સાધાર્મિક ભાઈઓ અને બહેનો

પૂજ્ય ગુરૂભગવંતોના ચરણે કોટિ કોટિ વંદન કરીને હું આપ સહુને પ્રણામ કરૂં છું.

આપણું પરમ સદ્દભાગ્ય છે કે પ્રભુ મહાવીરદેવના ધર્મ શાસનની ધુરાને વહન કરનારા આચાર્ય ભગવંતોનું માર્ગદર્શનસકળ સઘના હિત અને કલ્યાણ માટે મળતું રહે છે.

આ પ્રસંગે મારા થોડાક વિચારો હું આ પ્રસંગે આપ સહુ સમક્ષ મૂકુ છું.

શ્રી સંઘના વહીવટમાં પીઢતા, પ્રૌઢતા, ઠરેલપણું અને દીર્ઘદર્શિતાના અભાવમાં વ્યક્તિગત હુંસાતુંસીથી ક્ષુબ્ધ વાતાવરણ દૂર થાય એ જરૂરી છે.

શ્રી સંઘની વિવિધ સંસ્થાઓએ એક બીજાના હરીફ નહી પરંતુ એકબીજાના પૂરક બનીને ચાલવું જોઈએ.

શ્રી સંઘના કમજોર ક્ષેત્રોને સક્ષમ અને સમૃદ્ધ બનાવવા માટે સફળ આયોજન કરવાનો પ્રશ્નો મોટો છે ! ચતુર્વિધ સંઘના વિવિધ કાર્યો, જવાબદારીઓ, આયોજનો, અનિવાર્ય પ્રવૃત્તિઓ વગેરે માટે સાધારણ દ્રવ્યની સતત ખેંચ અનુભવાતી રહી છે. સાધારણ દ્રવ્યના ભંડોળ માટે સહુએ યોગદાન દેવું પડશે. આપ પૂજ્યોએ એ માટે શાસ્રોચિત અને સમયોચિત પ્રેરણા પણ કરવી પડશે. માર્ગદર્શન આપવું પડશે ! આજે

ધર્મદ્રવ્ય વ્યવસ્થા બદલવાની જરૂર નથી પરંતુ આપ પૂજ્યોએ સકળ શ્રી સંઘને પ્રેરણા આપીને કમજોર ક્ષેત્રો તરફ દાન આપીને તેવી પ્રવૃત્તિઓમાં લાભ લેવાની પ્રેરણા આપવી પડશે.

સમાજના તમામ વર્ગો સાથે આદરમાન અને સહઅસ્તિત્વના ભાવ સાથે જ પારસ્પરિક સહિષ્ણુતા કેળવાશે. કોઈપણ પ્રશ્ને જાહેરમાં સરકાર સામે પડવાથી પ્રશ્નો ઉકેલવાના બદલે વધારે ગૂંચવાશે. અંદરોઅંદર વાટાઘાટો દ્વારા પ્રશ્નોનો નીવડે લાવવો વધારે ઉચિત રહેશે.

સમાજના તમામ વર્ગો સાથે સુમેળ, કુનેહ અને સમાદર ભર્યા વ્યવહાર માટે સક્ષમ શ્રાવક વર્ગ, મજબૂત શ્રેષ્ઠિ પરંપરા, મહાજન પરંપરા પુનર્જિવિત કરવી પડશે. એને સુદ્રઢ પણ બનાવવી પડશે.

અન્ય સમાજો સાથે પરસ્પર આદરભાવ, સહૃદયતા અને સહઅસ્તિત્ત્વની ભાવના કેળવવી પડશે. સંઘર્ષનો રસ્તો વધુ નુકશાનકારક નીવડશે એવું મારું વિનમ્ર મંતવ્ય છે. અન્ય સંપ્રદાયો, ગચ્છો, વર્ગો અને સમૂહો સાથે થોડીક વધારે સહિષ્ણુતા કેળવવી પડશે. વાતે વાતે અને વારે તહેવારે સામસામે થઈ જવાનું વલણ નુકશાનકારક અને મારા પ્રમાણે તે આત્મઘાતી બનશે.

આપણી પાસે જ્ઞાની-ધ્યાની, ત્યાગી, તપસ્વી અને ધુરંધર શાસન પ્રભાવક આચાર્ય ભગવંતો, મુનિભગવંતો અને શ્રમણીભગવંતોની ઉત્કૃષ્ટ પરંપરા રહી છે. એવી જ પરંપરા શાસનને સમર્પિત, સંઘ વાત્સલ્ય અને સંઘભક્તિથી નીતરતું વ્યક્તિત્વ રાજાઓ, મંત્રીઓ, શ્રેષ્ઠિઓની છે. આવા અનેક શ્રાવક શ્રેષ્ઠના અવતારો આજના આપણા શ્રી સંઘમાં ઘડવા પડશે. નિઃશંકપણે પ્રભુનું શાસન અવિચ્છિન્ન રહેવાનું જ છે પણ એમાં આપણું નક્કર યોગદાન આપવું પડશે.

આપણા પૂર્વેના મહાનુભાવોએ શાસન ભક્તિ સાથે તે તે વખતા સમાજના તમામ વર્ગોના હૃદય જીતીને, એમના દુઃખદર્દ અને પ્રશ્નોના

સહભાગી બનીને મહાજનનું માનવંતુ-ગૌરવવંતુ માન મેળવ્યું હતું. સ્થાન બનાવ્યું હતું.

અનુકંપા, જીવદયા, પ્રાણીદયા, માનવ કરુણાના ઝરણાઓ વહાવવાની સખત આવશ્યકતા છે.

આજે શ્રાવક-શ્રાવિકાની સમર્પિતતાનું માપદંડ કમનસીબે તેમના દ્રવ્યના વ્યય ઉપર થયેલો છે તો શું જે શ્રાવક-શ્રાવિકા પાસે ઓછી લક્ષ્મી હોય અને તેના કારણે દ્રવ્યનો વ્યય ન કરી શકે તો તેની સમર્પિતતા ઓછી ગણવી ? અહીંયા આપણે શત્રુંજયના જીર્ણોદ્ધારમાં ભીમા કુંડલીયાનું દ્રષ્ટાંત યાદ કરવું જોઈએ.

જીર્ણોદ્ધારના નામે પ્રાચીન કળા સ્થાપત્યનો નાશ કરીને, પરંપરાગત વારસાનો નાશ કરીને બધું જ નવું કરી દેવાના પ્રયત્નોથી પ્રાચીનતા, ઈતિહાસ, પુરાવા ઘણું બધું નષ્ટ થઈ જશે. સ્થાપત્યના અવશેષો, પરમાત્મા તથા દેવ-દેવીઓના બિંબો, જ્ઞાનના ગ્રંથો, પટ, છોડ, ઉપકરણો તે રાચ-રચીલાના રૂપે કરોડો રૂપિયાની કિંમતે આજે દેશમાં તથા દેશની બહાર વેચાયા છે અને ખાસી એવી આશાતના થઈ રહી છે. આવું ભવિષ્યમાં ન થાય તેના ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. આ અંગે આપનું માર્ગદર્શન સંઘને આપવું જરૂરી છે.

એક વિનંતી કરવાની ધૃષ્ટતા વારંવાર કરૂં છું : સકળ સંઘની એકતાની એકવાક્યતાની કેડીને વધું કાંટાળી ના બનાવીએ, એને પરસ્પરનાં સંવાદથી સાફ રાખીએ, એ કેડી દ્વારા જ સહુ સાથે મળીને જિનશાસનની ઉન્નિતના રાજમાર્ગ સુધી પહોંચવાનું છે. એ માટે આપણું પુણ્યબળ વધારવું પણ જરૂરી છે.

'સહુ જીવ કરું શાસનરસી'ની સાથે 'સહુ જીવમાં સમતા-મૈત્રી વધો'ની ભાવના સાકાર બનાવીએ !

ફરી એકવાર ચતુર્વિધ શ્રી સંઘના ચરણોમાં કોટિ કોટિ વંદન સાથે વીતરાગની આજ્ઞા વિરુદ્ધ કહેવાયું હોય તો 'મિચ્છામિ દુક્કડં' સાથે વિરમું છું.

# સંવેગ રંગશાળા ગ્રંથ (એક પરિચય)

| | | |
|---|---|---|
| **ગ્રંથનું નામ** | : | **સંવેગ રંગશાળા** |
| **ગ્રંથ કર્તા** | : | આચાર્યશ્રી જિનચંદ્રસૂરિજી મ. |
| **ગ્રંથ શ્લોક સંખ્યા** | : | ૧૦૦૫૩ |
| **ગ્રંથકર્તાના ગુરુ** | : | વજ્ર શાખામાં થયેલા આચાર્ય **શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી** |
| **ગ્રંથકર્તાના ગુરુબધુ** | : | નવાંગીવૃત્તિકાર આચાર્ય **શ્રી અભયદેવસૂરીશ્વરજી** |
| **ગ્રંથ રચના વર્ષ** | : | વિ.સં. ૧૧૨૫ |
| **ગ્રંથ રચના સ્થળ** | : | નગર-છત્રાવલી, શ્રેષ્ઠિ પાસનાગની વસતિમાં |
| **ગ્રંથસંશોધન / સમાર્જન** | : | **શ્રી ગુણચંદ્રગણી / શ્રી જિનવલ્લભગણી** |
| **ગ્રંથનું તામ્રપત્ર લેખન** | : | ૧૨૦૩ માં જેઠ સુદ ૧૪, ગુરુવારના દિવસે શ્રી વટવાદરનગરમાં |
| **ગ્રંથનું આલેખન (લિપિબદ્ધ)** | : | શ્રી જિનદત્ત ગણિ |
| **તાડપત્ર આલેખનના લાભાર્થી** | : | પાટણના ભિલ્લમાલ ગોત્રીય **આનંદ મહત્તર** અને એમના પત્ની **રાજીની** |

પ્રસ્તુત ગ્રંથમાં ગ્રંથકર્તા આચાર્યશ્રીએ કચ્છના મહાસેન જેઓ શ્રમણ ભગવાન મહાવીરના હાથે દીક્ષિત થઈને મહાસેનમુનિ બન્યા, પ્રભુના નિર્વાણ પછી એમની વિનંતીના પ્રત્યુત્તરરૂપે પરમ ગુરુ ગૌતમસ્વામીએ શ્રમણ અને ગૃહસ્થ વર્ગ માટે શિવપંથના પરમપંથરૂપ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપરૂપ ચાર આરાધનાઓ બતાવી તેને આચાર્યશ્રી જીનચન્દ્રસૂરિજીએ આગમ અનુસાર અહીં આલેખી છે. આ સમગ્ર આરાધના સંવેગ ભાવને પ્રગટ

કરવા માટે છે. સંવેગ ભાવની ઓળખ આપતા આ જ ગ્રંથમાં કહ્યું છે કે સંવેગ પરાયણ મહાપુરુષોએ ભવ-સંસારનો અત્યંત ભય, અથવા મોક્ષની તીવ્ર અભિલાષાને સંવેગ કહ્યો છે. (શ્લોક : ૫૫)

સાગર જેવા આ ગ્રંથમાં અનેક વિષયોનું વિસ્તૃત વિવેચન છે. જેમાં આરાધનાની યોગ્યતામાં જરૂરી ૨૦ ગુણો વિનય, ધર્મની દુર્લભતા, ધર્મનું સ્વરૂપ, ગૃહસ્થધર્મ, જ્ઞાન, ક્રિયા, ભાવશ્રાવકની ભાવના, વ્રત, નિયમ, પ્રતિમાઓ, મરણ, અનશન, ભાવના, આલોચના, અનુશાસન, શ્રમણાચાર અને સંઘ વ્યવસ્થા, ૧૮ પાપસ્થાનકોનું વિવેચન, આઠમદ (અભિમાન) કષાય, સમ્યકત્વ, પરમેષ્ઠિનમસ્કાર, મહાવ્રતો, ચાર શરણ, દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદના, ઇન્દ્રિય દમન, નિયાણા પ્રકાર, ઉપદેશ, ધ્યાન, લેશ્યા અને છેલ્લે મહાપારિષ્ઠાપનિકા (શ્રમણ દેહનો સંસ્કાર) આવા અનેક વિષયોને ૪ દ્વાર (વિભાગ) ૧. પરિકર્મવિધિ (૧૫ પેટા દ્વાર) ૨. પરગણ-સંક્રમણ (૧૦ પેટા દ્વાર) ૩. મમત્વ વિમોચન (૯ પેટા દ્વાર) ૪. સમાધિલાભ (૯ પેટા દ્વાર) માં આરાધનારૂપે વિવેચન કરાયું છે.

ગ્રંથકર્તા આચાર્યશ્રી એ વિશેષ રૂપે પહેલાં પરિકર્મદ્વારના ૯મા પેટા દ્વારના ત્રીજા કાલક્ષેપ દ્વારમાં સાધારણ દ્રવ્ય વાપરવાના ૧૦ સ્થાનો બતાવવામાં આવ્યા છે. ૧. જિનમંદિર, ૨. જિનબિંબ, ૩. જિનબિંબોની પૂજા, ૪. જિનવચનથી યુક્ત જૈનાગમરૂપ પ્રશસ્ત પુસ્તકો, ૫. મોક્ષસાધક ગુણોને સાધતા એવા સાધુઓ, ૬. સાધ્વીઓ, ૭. ઉત્તમ ધર્મરૂપી ગુણોને પામેલા સુશ્રાવકો, ૮. શ્રાવિકાઓ, ૯. પૌષધશાળાઓ (ઉપાશ્રયો) અને ૧૦. યથાયોગ્ય સમ્યગ્દર્શનનું (શાસનનું કે સંઘનું) કોઈ કાર્ય હોય તો તે.

સદ્‌ગૃહસ્થને પોતાની અસાર સંપત્તિ ધર્મમાર્ગે વ્યય કરવાના મનોરથ હોય જ ! ઉપર્યુક્ત ૧૦ સ્થાનકોમાં વર્તમાનમાં ૧૦મું સ્થાન અતિ મહત્ત્વનું બની રહે છે. ગ્રંથના શ્લોક નં. ૨૯૦૨ થી શ્લોક નં. ૨૯૨૯ સુધીના ૨૭ શ્લોકોમાં સાધારણ દ્રવ્યનો ઉપયોગ દ્રવ્ય, ક્ષેત્ર કાળ મુજબ ઉપસ્થિત થતા

કાર્યોમાં કરવામાં આવે તો એ જિન શાસનની સેવાનું કારણ તો બને જ છે સાથે સાથે પુણ્યાનુબંધી પુણ્યોપાર્જન દ્વારા આ જન્મ અને આવનારા જન્મોમાં સુખ સમૃદ્ધિ અને યશ પરંપરા આપનાર બને છે, એ વાત દર્શાવી છે.

વિ.સં. ૨૦૩૨માં પ્રસ્તુત ગ્રંથનો સરળ ગુજરાતી ભાષામાં અનુવાદ પૂજ્ય આચાર્ય ભગવંત ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા. દ્વારા થયેલો જે બીજી આવૃત્તિરૂપે ઉપલબ્ધ છે.

## દર્શનદ્વાર

**दंसणकज्जं मेयं, चेइयसंघाइगोयरं अमिह ।**
**अवितविकयं कया वि हु, विसेसकिच्चं तहारूवं ॥२९०२॥**

અહીં ચૈત્ય, સંઘ વિગેરેનું અણધાર્યું તેવું કોઈ વિશિષ્ટ કાર્ય કોઈ પ્રસંગ પડે, તે દર્શનકાર્ય સમજવું. (૨૯૦૨)

**तं पुण दुविहं इहइं, अपसत्थपसत्थभेयओ जाण ।**
**तत्थाऽपसत्थगं तं, जं पऽणीयाऽऽइदरेण ॥२९०३॥**
**तित्थयरभवणपडिमा-भवंतभंगाऽऽइयाऽणुबद्धाणं ।**
**संघोवद्दछोभगरूवं, पडणीयकयमऽहवा ॥२९०४॥**

તે અહીં અપ્રશસ્ત અને પ્રશસ્ત ભેદથી બે પ્રકારનું જાણવું. તેમાં જે ધર્મવિરોધી વગેરે દ્વારા થતો જિનભવનનો કે પ્રતિમાનો ભંગ, વગેરેને લગાવતાં તે તે કાર્યો (પૈકી કોઈ કાર્ય), અથવા ધર્મદ્વિષીએ સંઘને કરેલા ઉપદ્રવ કે ક્ષોભરૂપ કાર્ય, તે અપ્રશસ્ત જાણવું. (૨૯૦૩-૪)

**देवादायाऽऽइकरावणाऽऽइ-विसयं च जं पसत्थं तं ।**
**तत्थ दुगे वि हु रायाइ-दंसणं संभवइ पायं ॥२९०५॥**

અને દેવ (દ્રવ્ય) સંબંધી આવક વગેરે કરાવવી, વગેરે તે સંબંધી પ્રશસ્ત જાણવું. આ બંને પ્રકારોમાં પણ પ્રાયઃ રાજા વગેરેનું દર્શન (મિલન)

સંભવિત છે. (૨૯૦૫)

**तं च न विणोवयारं, तदऽसंपत्ती जया उ अण्णतो।**
**ता साहारणदव्वाओ, तं विचिंतेज्ज उचियण्णू ॥२९०६॥**

તે રાજાદિને મળવાનું કાર્ય (ઉવયાર =) ભેટ વગેરે કર્યા વિના ન થાય, તેથી બીજા તરફથી તેવું ધન મળે તેમ ન હોય, તો ઉચિતનો જાણ શ્રાવક સાધારણ દ્રવ્યથી પણ તેને (વિચિંતેજ્જ =) વિચારે (કરે.) (૨૯૦૬)

**एवं च कए के के, न उभयलोगुब्भवा गुणा तस्स।**
**इह लोयम्मि कित्ती, परलोए सुगइगामित्तं ॥२९०७॥**

એમ કરવાથી આ લોકમાં કીર્તિ અને પરલોકમાં સદ્ગતિની પ્રાપ્તિ (વગેરે) ઉભયલોકમાં થતા કયા કયા ગુણો (લાભો) તેને ન થાય ? (૨૯૦૭)

**चेइयकुलगणसंघे, आयरियाणं च पवयणसुए य ।**
**सव्वेसु वि तेण कयं, एत्थ जयंतेण जहजोगं ॥२९०८॥**

આ કાર્યમાં યથાયોગ્ય પ્રયત્ન કરતા તેણે ૧. ચૈત્ય, ૨. કુળ, ૩. ગણ, ૫-૬-૬-૭. સંઘ, ૮. આચાર્યો, ૯. પ્રવચન અને ૧૦. શ્રુત, એ સર્વનું પણ (કરણીય) કર્યું. (૨૯૦૮)

**साहारणस्स जम्हा, चेइयभवणाऽऽइयं इमं चेव ।**
**वुत्तं दसगं विसओ, ता धण्णाणं खु एत्थ मई ॥२९०९॥**

કારણે - સાધારણ દ્રવ્યનો ખર્ચ જિનભવનાદિ આ દશમાં જ કરવાનો કહ્યો છે. તેથી ધન્ય આત્માઓને જ નિશ્ચે આ વિષયમાં બુદ્ધિ પ્રગટે છે. (૨૯૦૯)

**इह होज्ज कस्सइ मई, ठाणदगसगं इमं न हु कहिंपि ।**
**वृत्तं जिणुत्तसुत्ते, न परुतं पुण पमाणत्ते ॥२९१०॥**

અહીં કોઈને એવી કલ્પના થાય કે - આ દશ સ્થાનો જિનકથિત

સૂત્રમાં ક્યાંય કહ્યાં નથી અને (જિન સિવાય)બીજાનું કહેલું પ્રમાણભૂત નથી. (૨૯૧૦)

**स इमं वत्तव्वो हंत ! समुदियं नो कहिं पि भणियमिणं ।**
**भेएणं पुण सुत्ते, भणियं चिय बहुसु ठाणेसु ॥२९११॥**

તો તેને આ પ્રમાણે સમજાવવો કે - નિશ્ચે આ દશને સમુદિત (એકત્ર) ક્યાંય કહ્યાં નથી, પણ ભિન્ન ભિન્ન રીતે સૂત્રમાં ઘણા સ્થાને કહ્યાં જ છે. (૨૯૧૧)

**यह सागारणदव्वं, पयइं चिय ताव दंसियं सुत्ते ।**
**चेइयदव्वं साहा-रणं च इच्चाइवयणेहिं ॥२९१२॥**

વળી સૂત્રમાં ચૈત્યદ્રવ્ય, સાધારણદ્રવ્ય ઈત્યાદિ વચનોથી સાધારણદ્રવ્યને સ્પષ્ટ (જુદું) જણાવેલું જ છે. (૨૯૧૨)

**तस्स विणिओगठाणं पि, अत्थओ भणियमेव भवइ धुवं ।**
**इह पुण दसहा जिणमंदिराऽऽइरूवेण चं चेव ॥२९१३॥**
**विसयविभागेण फुडं, निरूवियं भव्वजणहियट्ठाए ।**
**आगमविरोहविरहेण, कुसलबंधिक्कहेउ त्ति ॥२९१४॥**

તો અર્થાપત્તિએ તેને ખર્ચવાનું સ્થાન પણ નિશ્ચે કહ્યું જ છે. (એમ) કુશલ અનુબંધનું એક કારણ હોવાથી, ભવ્ય જીવોના હિત માટે, આગમના વિરોધ વિના (આગમના અનુસારે) અમે અહીં તે સ્થાનને જિનમંદિરાદિ રૂપે દશ પ્રકારે વિષયના વિભાગ દ્વારા સ્પષ્ટ જણાવ્યું છે. (૨૯૧૩-૧૪)

**जिणभवणाऽऽइपयाणं, एक्केक्कमि वि कया य पडिवत्ती ।**
**पुण्णनिमित्तं जायइ, किं पुण ताणं समुदियाणं ॥२९१५॥**
**साहारणं च दव्वं, आरंभंतस्स तद्दिणाओ वि ।**
**जिणभवणप्पमुहेसु, जायइ सव्वेसु पडिवत्ती ॥२९१६॥**

આ સાધારણ દ્રવ્ય (મેળવવા) માટે પ્રારંભ કરતા આત્માને તેજ દિવસથી જિનમંદિરાદિ સર્વની સેવા (ચાલુ) થાય છે.

**जं तस्स साऽणुबंधो, पधावइ पढममेव समकालं ।**

**तव्विसयसव्वदव्व-क्खेच्चाऽऽइसु चित्तपडिबंधो ॥२९१७॥**

કારણ કે - તેનો અનુબંધપૂર્વકનો ચિત્તનો રાગ, પ્રારંભથી જ એકી સાથે તેના વિષયભત સર્વ દ્રવોય, ક્ષેત્રો વગેરેમાં (પ્રધાવતિ =) પહોંચી જાય છે. (૨૯૧૭)

**तम्हा नियदव्वाओ, किंचि विहवाऽणुसारओ चेव ।**

**परिचिन्तऊण साहा-रणस्स पारंभगा जे उ ॥२९१८॥**

માટે સર્વ રીતે વિચારીને સ્વવૈભવને અનુસારે કંઈક (પણ) પોતાના ધનથી જેઓ સાધારણ દ્રવ્યને એકઠું કરવા પ્રારંભ કરે છે. (૨૯૧૮)

**ज य अणिंदियविहिणा, पइदिणमेयं नयंति परिवुड्ढि ।**

**परिवालयंति जे वि य, अचलियचित्ता महासत्ता ॥२९१९॥**

જેઓ અન્યાયાદિ કર્યા વિના વિધિપૂર્વક પ્રતિદિન એની વૃદ્ધિ કરે છે. અચલિત ચિત્તવાળા જે મહાસત્ત્વશાલીઓ (તેમાં મોહ કર્યા વિના) તેનું રક્ષણ કરે છે. (૨૯૧૯)

**जे वि य पुव्वुत्तकमेण, चेव जुंजंति न जहाजोगं ।**

**तित्थयरनामगोत्तं, कम्मं बंधंति ते धीरा ॥२९२०॥**

અને જેઓ પૂર્વે કહેલા ક્રમથી નિશ્ચે તેને તે સ્થાને જરૂર પ્રમાણે ખર્ચે છે, તે ધીરપુરુષો તીર્થંકરગોત્રકર્મને (પુણ્યને) બાંધે છે. (૨૯૨૦)

**पइदिणतव्विसयपवड्ढ-माणमाणसविसेसपरिओसा ।**

**नारयतिरियगइदुगं, ते नूण नरा निरुंभंति ॥२९२१॥**

અને પ્રતિદિન તે વિષયમાં વધતા (માનસ =) અધ્યવસાયથી અધિકાધિક પ્રસન્નતાવાળા તે પુરુષો નિશ્ચે નારકી અને તિર્યંચ- એ બે

ગતિઓને રોકી દે છે. (ત્યાં ઉપજતા નથી.) (૨૯૨૧)

**संपज्जंति कया वि य, न बंधगा अयसनीयगोत्ताणं ।**

**जायंति य सविसेसं, निम्मलसम्मत्तरयणधरा ॥२९२२॥**

વળી તેઓ કદાપિ અપયશનામ કર્મ અને નીચ ગોત્રનો બંધ કરનારા થતા નથી, કિન્તુ સવિશેષ નિર્મળ એવા સમ્યક્ત્વરત્નના ધારક બને છે. (૨૯૨૨)

**थी पुरिसो वा पच्छा वि, तत्थ रित्थं नियं पयच्छइ जो ।**

**सो कल्लाणपरंपर-मऽवियप्पं पावए परमं ॥२९२३॥**

સ્ત્રી અથવા પુરુષ જે પ્રારંભ થયા પછી પણ પોતાના (રિત્થં =) ધનને (સાધારણમાં) આપે છે, તે (અવિયપ્પં =) નિયમા (ઉત્તરોત્તર) પરમ કલ્યાણની પરંપરાને પામે છે. (૨૯૨૩)

**इह लोगे च्चिय जायइ, नियजसपब्भारभरियभुवणयलो ।**

**पुण्णाऽणुबंधिसंपय-सामी भोई सुपरिवारो ॥२९२४॥**

આ ભવમાં પણ પોતાના યશસમૂહથી ત્રણે ભુવનને ભરી દેતો તે પુણ્યાનુબંધી સંપત્તિનો સ્વામિ, પવિત્રત ભોગસામગ્રીવાળો (ભોગી) અને ઉત્તમ પરિવારવાળો બને છે. (૨૯૨૪)

**जम्मंतरम्मि उत्तम-देवो तदणंतरं सुकुलउत्तो ।**

**तत्तो चरित्तसंपत्ति-भायणं तयणु सिद्धो वि ॥२९२५॥**

અને પરભવમાં ઉત્તમ દેવ, પછી મનુષ્યભવમાં ઉત્તમ કુલિન પુત્ર થઈને ચારિત્રરૂપી સંપત્તિનો અધિકારી તે અંતે સિદ્ધ થાય છે. (૨૯૨૫)

**किं बहुणा भणिएणं, जइ ता न हु तब्भवेण से मोक्खो ।**

**ता तइयसत्तमेसुं, अट्ठमयं पुण न लंघेइ ॥२९२६॥**

વધારે કહેવાથી શું ? જો તે ભવમાં તેનો મોક્ષ ન થાય, તો ત્રીજાથી

સાતમાં ભવ સુધીમાં નિશ્ચે થાય, પણ આઠમા ભવને ઓળંગે નહીં. (૨૯૨૬)

जे पुण तम्मूढणा, वामोहेणं कहिं पि केणाऽवि ।
नियपक्खवायवसगा, एक्कम्मि चेव जिणभवणे ॥२९२७॥

जिणबिंबे वा मुणिसावगाऽऽइव वा वि एक्कहिं चेव।
न य सव्वजिणगिहाऽऽईसु, सम्मं पुव्वोदितविहीए ॥२९२८॥

वेच्चंति वंचगा पव-यणस्स ते कुगतिगामिणो जेण।
तारिसपवित्तिओ ते, सासणवोच्छेयमिच्छंति ॥२९२९॥

વળી જેઓ કોઈથી વ્યુદ્ગ્રાહિત થયેલા, સાધારણ દ્રવ્યમાં મૂઢ મનવાળા, વ્યામોહથી પોતાના પક્ષપાતને વશ (માત્ર) જિનભવનમાં અથવા જિનબિંબ, મુનિ કે શ્રાવક વગેરે કોઈ એક જ વિષયમાં સાધારણ દ્રવ્યનો (ચેચ્ચંતિ =) વ્યય કરે છે, પણ પૂર્વે કહેલા વિધિપૂર્વક જિનમંદિરાદિ સર્વ ક્ષેત્રોમાં સમ્યગ્ વ્યય કરતા નથી, તેઓ પ્રવચનના વંચક (દ્રોહી) કુગતિને પામે છે. કારણ કે - તેવી પ્રવૃત્તિથી તેઓ શાસનનો વિચ્છેદ ઇચ્છે (કરે) છે. (૨૯૨૭-૨૯)

આણંદજી કલ્યાણજી પેઢીની વેબસાઈટનું નામ છે.

**www.anandjikalyanjipedhi.org**

**E–mail : info@anandjikalyanjipedhi.org**

Social Presence

ડાઉનલોડ કરો Anandji Kalyanji Pedhi App

# શ્રાવક જીવન માટેના દૈનિક કર્તવ્યો

**जिनेन्द्रपूजा :** દરરોજ જિનેશ્વર પરમાત્માની દ્રવ્ય તથા ભાવ પૂજા

**गुरुपर्युपास्ति :** ગુરુજનોની ઉપાસના, સત્સમાગમ

**सत्वानुकंपा :** પ્રાણીઓ ઉપર અનુકંપા, દયા

**शुभपात्रदानम् :** સુપાત્રને દાન, (આહારદાન, ઔષધદાન, જ્ઞાનદાન અને અભયદાન)

**गुणानुराग :** ગુણો અને ગુણીજનો પ્રત્યે અનુરાગ, આદરભાવ.

**श्रुतिरागमस्य :** આગમ જિનવાણીનું શ્રવણ, સ્વાધ્યાય, સદ્વાંચન.

**नृजन्म वृक्षस्य फलान्यमूनि :** મનુષ્યરુપી વૃક્ષના આ શ્રેષ્ઠ ફળો છે. વૃક્ષની શોભા ફળોથી હોય છે. ફળોથી બચેલા વૃક્ષો ઉપર તો જાતજાતના પંખીઓ કલશોર કરે છે, માળો બાંધે છે ! ફળનો આસ્વાદ માણે છે ! રુક્ષના બનો. વૃક્ષ જેવો કોમળ અને બધાને છાંયડો આપનારા બનો !

## પ્રભુ શાસનના અનુરાગી ભક્ત અને પ્રભુ વચન શ્રવણના રાગી શ્રાવક તરીકે વર્ષ દરમ્યાન ૧૧ કર્તવ્યોનું આચરણ કરવાનું હોય છે !

(૧) સંઘાર્ચન - સંઘ પૂજા (૨) સાધર્મિક ભક્તિ (૩) યાત્રાત્રિક (૪) સ્નાત્ર મહોત્સવ (૫) દેવદ્રવ્ય વૃદ્ધિ (૬) મહાપૂજા (૭) રાત્રિ જાગરણ (૮) શ્રુતભક્તિ (૯) ઉદ્યાપન (૧૦) તીર્થ પ્રભાવના (૧૧) આલોચના

# પર્યુષણ પર્વ દરમ્યાન કરવાના ૫ કર્તવ્યો

**(૧) અમારિ પ્રવર્તન :** જીવદયા, અહિંસાનું પાલન, પ્રચાર અને પ્રચાર, હિંસાત્મક સાધનો. હિંસાત્મક વલણ અને હિંસક જીવન પદ્ધતિના બદલે અહિંસક જીવન શૈલી અપનાવીએ.

**(૨) સાધાર્મિક ભક્તિ :** સાધર્મિક એટલે સહધર્મી એક જ ધર્મના અનુયાયીઓ ! સહુથી વિશેષ સગપણ - સંબંધ છે. સાધર્મિકનો ! ધર્મના સિંહાસનને સુદઢ બનાવવા એના સાધર્મિકરૂપ પાયાઓને મજબૂત બનાવવા પડશે !

**(૩) અઠ્ઠમનો તપ :** અઠ્ઠમ-૩ ઉપવાસ અને એ દ્વારા શરીરશુદ્ધિ, મન શુદ્ધિ અને વિચારશુદ્ધિની વિશિષ્ટ પ્રક્રિયા દ્વારા જીવનશુદ્ધિ અને જીવન સિદ્ધિ મેળવવાની સાધના !

**(૪) ચૈત્ય પરિપાટિ :** ચૈત્ય જે ભક્તિ, શ્રદ્ધા અને જ્ઞાનનો સાક્ષાત્કાર કરાવે ! જિનચૈત્યોની યાત્રા, સ્પર્શના અને દર્શન પૂજન દ્વારા જીવનનું સત્ય અને જીવનનું સત્ત્વ પ્રાપ્ત કરવા માટે પ્રભુના દર્શન એ પરમપંથ છે !

**(૫) પરસ્પર ક્ષમાપના :** એ તો જીવનને નવપલ્લવિત રાખનાર જડીબુટ્ટી છે. મનની માવજત, હૈયાની હળવાશ.. અને વિચારોમાં વ્યવસ્થા એનું મૂળ છે ક્ષમાનો ભાવ ! પ્રેમનો ભાવ ! ક્ષમા એટલે ધરતીની વિશાળતા અને માના વાત્સલ્યનો મીઠો અનુભવ !

# સ્વ. શ્રેણિકભાઈ શેઠની સંવેદના

તેઓશ્રીનું અવસાન થયું તેના આશરે ત્રણેક મહિના અગાઉ માટે રૂબરૂ મળવાનું થયું હતું. તે સમયે તેઓની નાદુરસ્ત તબિયત હતી. તેઓએ આર્દ્ર સ્વરે મને જણાવ્યું : 'ચંદ્રકાન્તભાઈ, મારું એક કામ તમારે કરવાનું બાકી છે. અમદાવાદમાં કોઈપણ જૈન કુટુંબ ઝૂંપડપટ્ટીમાં રહેતું હોવું જોઈએ નહિ. એવા કુટુંબોને રહેવા માટેની અન્ય વૈકલ્પિક વ્યવસ્થા જે કરવી પડે તે કરો. પરંતુ મારું કોઈ જૈન કુટુંબ અમદાવાદમાં ઝુંપડપટ્ટીમાં રહેવું જોઈએ નહિ." એ વેળાએ તેમની આંખ રૂમની છત તરફ મંડાયેલી હતી. બંને હાથ ઊંચા કર્યા અને ફરીવાર બોલી ઊઠ્યા : 'ચંદ્રકાન્તભાઈ, મારું આ કામ જરૂરથી કરો.'

જૈન સમાજના તદ્દન છેવાડે અંધકારમાં રહેલા કોઈ અજાણ્યા જૈન કુટુંબ પરત્વે પણ શ્રેણિકભાઈ શેઠની અપાર કરૂણા દૂર દૂરના ભવિષ્ય સુધી પરિણામલક્ષી બનતી જ રહેશે તે શ્રદ્ધા વધુ દઢ થઈ. તેઓએ તેમના વસિયતનામામાં પણ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટને દસ લાખની રકમ દાનમાં આપવાનું જણાવેલું હતું.

આમ શ્રેષ્ઠિવર્ય શ્રેણિકભાઈ કસ્તુરભાઈ અને વાત્સલ્ય નિધિ પરસ્પર એકબીજાને પૂરક બની રહ્યાં.

**- (શ્રી ચંદ્રકાન્ત કડિયા દ્વારા લિખિત**
**'શ્રેણિવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ અને વાત્સલ્યનિનિધિ' પુસ્તકમાંથી)**

પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ-સેવા ભક્તિ માટે પેઢીના મુખ્ય કાર્યાલય ખાતે વૈયાવચ્ચ વિભાગ કાર્યરત છે.

ઉપધિ-ઉપકરણોથી માંડીને દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી સામગ્રીથી પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતોની ભક્તિ કરવામાં આવે છે.

# શત્રુંજયતીર્થ ઉપર

# એક ઐતિહાસિક કથા વ્યક્ત્ કરતું અનોખું શિલ્પ

- આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.સા.

આ સાંઢણી - તેની ઉપર બેઠેલા શેઠ - તેની નીચે દોરડું લઈને બેઠેલો રબારી - આ બધું શું છે ? અહીં આ બધાનું પ્રયોજન શું છે ? આ શિલ્પની પાછળ એક ઇતિહાસ છૂપાયો છે. વાત આમ બની હતી : આજથી લગભગ ૮૦૦ વર્ષ પહેલાંની વાત છે. અણહિલપુર પાટણમાં ઘીવટો છે ત્યાં મણિયાતી પાડો છે, તેમાં શેઠ કામાશા નામના શ્રાવક વસે. તેમને પરિવારમાં ત્રણ પુત્ર અને એક પુત્રી. તે ત્રણ પુત્રમાં એકનું નામ પ્રતાપદાસ. પ્રતાપદાસ બાળ બ્રહ્મચારી પુરુષ હતા. બીજા ભાઈઓનો પરિવાર હતો. તેમનો વંશ આજે પણ હયાત છે. આખું કુટુંબ ધર્મના રંગથી રંગાયેલું હતું. ગમે તે કારણ હોય, શેઠ પ્રતાપદાસ શ્રી વાસુપૂજ્યસ્વામીજીની ખૂબ ભક્તિ કરતા. તપસ્વી પણ ખરા. શ્રી સિદ્ધિગિરિરાજ પ્રત્યે તેમનાં હૃદયમાં અતિશય ભક્તિ-બહુમાન.

કાર્તિકી-ચૈત્રી પૂર્ણિમાની યાત્રા અવશ્ય કરે. અને તે પણ કાર્તિક સુદિ ૧૩-૧૪ અને પૂનમનો ચોવિહારો અઠ્ઠમ કરવા પૂર્વક કરે. વાત તો એવી છે કે સુદિ ૧૪નું ચોમાસી પ્રતિક્રમણ કરીને ઊંટડી ઉપર નીકળે. ઊંટડી અને રબારી તૈયારી હોય. પાટણ પાસેના ખારી વાવડી ગામના જ આ રબારી. પવનવેગી ઊંટડી સાથે હાજર હોય. બીજે દિવસે બાર વાગ્યા પહેલાં - પહેલાં તો દાદાના દરબારમાં હાજર થઈ જાય. આ સિલસિલો વર્ષો સુધી એક પણ વર્ષના ખાંચા વિના ચાલુ રહ્યો. દર કાર્તિક પૂર્ણિમા, ચોમાસી પ્રતિક્રમણ, ચોવિહારો અઠ્ઠમ, ગિરિરાજની યાત્રા - તેમાં એક વાર એવું બન્યું કે, ચોમાસામાં વરસાદ થયેલો નહીં, ને આસો-કારતકમાં જ ઉનાળા જેવા તડકા પડવા લાગ્યા. પ્રતાપદાસને ચોવિહારો અઠ્ઠમ આકરો લાગ્યો. પણ જાત્રા

કરવી તે કરવી. નીકળ્યા તો ખરાં, પણ વલ્લભીપુર પહોંચતાં-પહોંચતા તો ભારે તાપ, તરસ ને થાકે ઘેરી લીધાં. માંડ માંડ ગિરિરાજ પહોંચ્યા, પણ આગળ ઉપર જઈ ન શક્યા. તળેટીમાં જ - ગિરિરાજનાં ચરણે અને આદીશ્વર દાદાનાં શરણે એક સાથે ત્રણેનો કાળધર્મ થયો. સ્વર્ગવાસ થયો. ત્રણેયનું જીવન ધન્ય બન્યું. મૃત્યુ ઉત્સવ બન્યું. સકળ સંઘે આ ત્રણે ઉત્તમ જીવોની ત્રિવિધે અનુમોદના કરી, અને કાળનો કાટ ન લાગે તેવું કામ કરીને અમર બની ગયેલાની કાયમી અનુમોદના થતી રહે તે માટે શ્રી સંઘે આ શિલ્પ રચીને ચિરસ્મણીય સ્મારક કર્યું. આ સમાચાર પાટણમાં કાર્તિક વદિ બીજના દિવસે મળ્યા. એટલે અત્યારે પણ એમનાં કુટુંબમાં એ દિવસ ઉજવાય છે. આખું કુટુંબ ભેળું થાય છે. મણિયાતી પાડામાં તેઓનું ઘરદેરાસર છે. તેમાં આ કાકાજી સાહેબ (તેમના કુટુંબના બધા સભ્યો પ્રતાપદાસ શેઠને કાકાજી સાહેબના નામે વર્ણવે છે.) સાંઢણી ઉપર બેઠા છે, અને રબારી પણ છે, તેવું એક લગભગ ૨૫૦-૩૦૦ વર્ષ જૂનું ભીતચિત્ર છે.

વળી આવા પુણ્યશાળી જીવે વ્રત-પચ્ચક્ખ્ખાણમાં ગિરિરાજની ભક્તિ કરતાં કરતાં પરલોકે પ્રયાણ કર્યું, તેથી તેમની એક કાયોત્સર્ગ મુદ્રામાં પંચ ધાતુની મૂર્તિ પણ ભરાવવામાં આવી છે. એ મૂર્તિ હાલ પાટણમાં - ઝવેરીવાડામાં શ્રી વાડી પાર્શ્વનાથજીના દેરાસરમાં છે.

આ ત્રણે ધન્ય આત્માનાં દર્શન ત્યાં થાય છે. આમ તો આ સાંઢણી, શેઠ અને રબારી પાસે કોણ જાય ? એટલે પૂર્વપુરુષોએ આને પુણ્ય-પાપની બારીનું સુંદર-તમામ બાળજીવોને આકર્ષણ જાગે તેવું - રૂપ આપી દીધું ! અને આમે ય વાત સાચી જ છે ને ! શુભ મન-વચન-કાયાથી ગિરિરાજની યાત્રા એ પુણ્યની બારી છે. અને અશુભ મન-વચન અને કાયાથી થયેલી યાત્રા તો પાપની બારી બની જાય ! કેવી સુંદર ઐતિહાસિક કથા આ શિલ્પમાં કંડારી છે !

**(પાઠશાળા ભાગ-૧ માંથી)**

# શત્રુંજય ગૌરવ ગાથા : કાભઈ બારોટ

- કુમારપાળ દેસાઈ

ગુજરાતની ધરતી પર સુલતાન મહમ્મદ બેગડાનું શાસન ચાલતું હતું. માત્ર તેર વર્ષની વયે ગાદી પર બેઠેલા મહમ્મદ બેગડાએ એક પછી એક રાજ્યો જીતવા માંડ્યાં અને પરાજિત રાજા અને પ્રજાને ઇસ્લામ ધર્મ સ્વીકારવા ફરજ પાડવા માંડી, ઇસ્લામ ધર્મનો અંગીકાર કરવાનો ઇન્કાર કરનારાઓનો એણે ક્રૂર રીતે વધ કર્યો. મહમ્મદ બેગડાએ ઇ.સ. ૧૪૬૭ થી ૧૪૬૯ સુધી જૂનાગઢ પર ત્રણ વાર હુમલાઓ કર્યા અને ઇ.સ. ૧૪૭૦ માં જૂનાગઢના રાજા રા'માંડલિકને પરાજિત કર્યા અને એને ઇસ્લામ ધર્મ સ્વીકારવાની ફરજ પાડી. ઇ.સ. ૧૪૮૩-૮૪માં પાવાગઢના રાજવી જયસિંહ રાવળ પર એણે આક્રમણ કર્યું અને રાજાના મક્કમ મુકાબલા છતાં અંતે મહમ્મદ બેગડાએ પાવાગઢનો કિલ્લો જીતી લીધો. એ પછી મહમ્મદ બેગડાની નજર શ્રી તીર્થાધિરાજ શત્રુંજય પર પડી. એક પછી એક વિજયો મેળવનારા વિજેતા બેગડાનું ગુમાન આસમાન પહોંચ્યું હતું.

સુલતાન મહમ્મદ બેગડાની વર્ષોની મુરાદ હતી કે એને હાથે શ્રી શત્રુંજય મહાતીર્થનો વિધ્વંસ થાય. વિશાળ લશ્કર સાથે મહમ્મદ બેગડો ચડી આવ્યો. પર્વતની આસપાસ "મારો", "કાપો" ના અવાજો ગાજવા લાગ્યા. સુલતાન મહમ્મદે માન્યું હતું કે પળવારમાં એ શ્રી શત્રુંજય તીર્થ પર વિજય મેળવશે અને આ તીર્થનાં ભવ્ય મંદિરોને ખંડિત કરી નાખશે. આજ સુધી મહમ્મદ બેગડાની આગેકૂચને કોઈ થંભાવી શક્યું નહોતું. એમાં પણ શ્રી શત્રુંજય તીર્થ પર હલ્લો થાય તો કોઈ પ્રતિકાર કરનાર નહોતું. આવે સમયે શત્રુંજય તીર્થની રક્ષા માટે એકસો બારોટો મોતને મુઠ્ઠીમાં લઈને નીકળ્યા. વિરાટ એ શસ્ત્રોથી સુસજ્જ સૈન્ય સામે આ સો બારોટો શું કરી શકે ? આ બારોટોએ તીર્થરક્ષા કાજે આત્મસમર્પણ કરવાનો નિર્ધાર કર્યો હતો.

મહમ્મદ બેગડાએ પોતાના સૈન્યને શ્રી શત્રુંજય મહાતીર્થ પર આગેકૂચ કરવાનો હુકમ આપ્યો ત્યારે એકસો બારોટો એના વિજયમાર્ગની વચ્ચે અડીખમ ઊભા રહ્યા. આવા પવિત્ર ધામની રક્ષા માટે નીકળેલા બારોટો વિરોધીઓની વિશાળ સંખ્યાનો વિચાર નહોતા કરતા. માત્ર પાવન તીર્થાધિરાજ માટેની ભાવના જ એમના અંતરમાં ગુજતી હતી. આગેકૂચ કરતાં સુલતાન

બેગડાના લશ્કરને અટકાવતાં વૃદ્ધ અને અનુભવી કાભઈ બારોટે ગર્જના કરી.

"અરે સુલતાન ! જ્યાં ઊભો છે ત્યાં જ ઊભો રહે જે ! અમારા શરીરમાં લોહીનું આખરી બુંદ હશે ત્યાં સુધી અમે તને ફાવવા દઈશું નહિ. જગપ્રસિદ્ધ શત્રુંજયની દેવનગરી તારી તલવારોથી નષ્ટ થવા માટે જૈનોએ બનાવી નથી. આ તો જૈન ધર્મની શ્રદ્ધા, ત્યાગ અને મૂલ્યોની ગંગોત્રી છે. માટે પાછો હટી જા !"

સુલતાન મહમ્મદ બેગડાએ ખડખડાટ હાસ્ય કરતાં કહ્યું, "અરે ! તમે એકસો બારોટો અમને પીછેકૂચ કરવાનું કહો છો ? કીડીની અને હાથીની તાકાતનો કોઈ ભેદ તો સમજો. ક્યાં દરિયા જેવી મારી વિશાળ શસ્ત્રસજ્જ સેના અને ક્યાં તમે શસ્ત્રવિહોણા બારોટો ? માખીને મસળી નાંખું એ રીતે તમને પળવારમાં મસળી નાંખીશ."

વૃદ્ધ કાભઈ બારોટનો જુસ્સોભર્યો અવાજ શ્રી શત્રુંજય મહાતીર્થના ગિરિરાજ પર પડઘા પાડતો હતો. એણે કહ્યું, "સુલતાન ! પાછો હઠી જા ! જો યુદ્ધ કરીશ તો અમારા લોહીથી આ ધરતી રક્તવર્ણી બની જશે. તારી કૂચ આગે ચલાવવા માટે તારે સો-સો મૃતદેહો પરથી આગળ વધવું પડશે."

ગુમાની સુલતાન લશ્કરને આગળ વધવાનો હુકમ આપ્યો. આ સમયે કાભાઈ બારોટે ભેટમાં ખોસેલી કટાર કાઢીને છાતીમાં ખૂંપાવી દીધી. આવું આત્મબલિદાન જોઈને સહુના મુખમાંથી વેદનાભરી આહ નીકળી ગઈ.

આ જોઈને બારોટોએ "જય આદિનાથ" ના પોકારો કર્યા. એક પછી એક બારોટોએ આત્મસમર્પણની વેદી પર સામે ચાલીને હસતે મુખે પ્રાણ આપ્યા. કોઈએ શરીર પર ઊકળતું તેલ રેડીને અગ્નિસમર્પણ કર્યું. આ દ્રશ્યો જોઈને ક્રૂર મહમ્મદ બેગડાની આંખોમાં આંસુ આવી ગયાં. એનું આખું લશ્કર કંપારી અનુભવવા લાગ્યું.

એણે એક હાથ ઉઠાવીને કહ્યું, "અરે બારોટો, તમારી સામે મહમ્મદ બેગડો પરાજિત થયો છે. એનું વિશાળ લશ્કર નિષ્ફળ ગયું છે. આ મહમ્મદે યુદ્ધના મેદાન પર ઘણી વીરતા બતાવી છે. પણ આત્મસમર્પણના સમરાંગણમાં આવું શૌર્ય કદી જોયું નથી. લજ્જા પામેલો સુલતાન મહમ્મદ બેગડો પાછો વળી ગયો.

('જિનશાસનની કીર્તિગાથા' પુસ્તક માંથી)

# તીર્થો ખાતે ચાલતા જીર્ણોદ્ધારની વિગત

## શત્રુંજય મહાતીર્થ (પાલીતાણા)

(૧) કેશવજી નાયકની ટૂંકમાં જીર્ણોદ્ધાર કાર્ય ચાલુ છે.

(૨) શ્રી મોતીશા શેઠની ટૂંકમાં, શ્રી દમણીવાળા જિનાલયમાં અને બાલાભાઈની ટૂંકમાં મુખ્ય જિનાલયના રંગમંડપમાં ચિત્રકામનું કાર્ય ચાલું છે.

(૩) શ્રી નેમિનાથજીની ચોરી પાછળ ભૂલવણી વાળા વિસ્તારમાં કામ ચાલે છે.

## ગિરનારજી (જૂનાગઢ)

(૧) શ્રી જય તળેટીની દેરીઓ બનાવવાનું કાર્ય ચાલુ છે.

(૨) શ્રી ગિરનારજી ઉપર શ્રી નેમિનાથ ભગવાનના લેપનું કાર્ય પૂર્ણ થવાના આરે છે. તા. ૩૦/૮/૨૦૧૬ના રોજ શ્રી નેમિનાથ ભગવાન, શ્રી અમીજરા પાર્શ્વનાથ ભગવાનના ૧૮ અભિષેક અને શ્રી અંબિકા દેવીના પાંચ અભિષેક થશે.

(૩) જૂનાગઢ જય તળેટીના ચૈત્યવંદન મંડપના પાયાનું નિર્માણ કાર્ય ચાલુ છે.

(૪) શ્રી નેમિનાથ ભગવાનના જિનાલયની કણપીઠ ખુલ્લી કરી નાખવામાં આવેલ છે. અને કણપીઠના તળ લેવલે લેવલીંગનું કામ ચાલું છે.

(૫) શ્રી નેમિનાથ ભગવાન ગર્ભગૃહમાં માર્બલ લગાવવાનું કામ પૂર્ણ થયેલ છે.

## મૂછાળા મહાવીરજી

(૧) મુખ્ય જિનાલયની પાછળની જગ્યા બે પટશાળા કરેલ છે. જેમાં શ્રી મહાવીર ભગવાનના જીવનચરિત્રના ૨૭ ભવના પટ મુકવામાં આવશે.

(૨) શ્રી મૂછાળા મહાવીરજી તીર્થમાં જિનાલયની બહાર રંગમંડપ બનાવવાનું કામ ચાલુ છે.

# શેઠ આણંદજી કલ્યાણજી સંચાલિત તીર્થોના સંપર્કસૂત્ર

**શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ : પાલીતાણા**
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા-૩૬૪૨૭૦

---

**શ્રી ગિરનારજી તીર્થ** : શ્રી દેવચંદ લક્ષ્મીચંદ
જગમાલ ચોક, ઉપરકોટ રોડ, બાબુનો વંડો, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૨૦૦૫૯

---

**શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ, કુંભારીયાજી તીર્થ**
પો. અંબાજી, પીન-૩૮૫૧૧૦. (વાયા : પાલનપુર)
ફોન નં. : ૦૭૪૯-૨૬૨૧૭૮, મોબાઈલ : ૩૪૨૮૦૦૦૬૧૦

---

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી : રાણકપુર તીર્થ**
પોસ્ટ : સાદડી, ૭૦૨૩૬૦. જી. પાલી (રાજસ્થાન)
ધર્મશાળા ફોન નં. : ૨૮૫૦૧૯ ૦૨૯૩૪
મોબાઈલ : ૮૬૯૬૪૫૩૬૧૬

---

**શેઠ આણંદજી કલ્યાણજી : મૂછાળા મહાવીરજી તીર્થ,**
પો. ઘાણેરાવ-૩૦૬ ૭૦૪. ફોન : ૦૨૯૩૪-૨૮૪૦૫૬

---

**શેઠ આણંદજી કલ્યાણજી** : મુ.પો. : **તારંગા તીર્થ,**
જિ. મહેસાણા-૩૮૪ ૩૫૦. મોબાઈલ : ૯૨૮૦૦૦૬૧૨

---

**શેઠ આણંદજી કલ્યાણજી** : મુ.પો. **શેરીસા**-૩૮૨ ૭૨૧,
જિ. ગાંધીનગર. ફોન : ૦૨૭૬૪ ૨૫૦૧૨૬

---

**શેઠ આણંદજી કલ્યાણજી** : મુ.પો. **મક્ષીજી તીર્થ**-૪૬૫ ૧૦૬
જિ. શાજાપુર (મધ્યપ્રદેશ)
ફોન : ૦૭૩૬૩-૨૩૩૦૩૭/૨૩૩૩૩૮

## અમદાવાદની અડોઅડ આવેલું સોહામણું તીર્થ શેરીસા !

યાત્રા તો તમે અનેકવાર કદાચ કરી હશે ! પણ ઈતિહાસ ખબર છે ? એ તીર્થના સર્જનની પાછળની મજેદાર કહાણી સાંભળી છે ?

એનું આહ્લાદક વાતાવરણ, એ વાતાવરણમાં વહેતી ઉર્જા... એની વાતો ખબર છે ? નહી ! તો પછી તમે શેરીસા તીર્થ (સચિત્ર- રંગીન તીર્થ પરિચારિકા ) પુસ્તક જોયું જ નથી !

આજે જ વસાવી લ્યો : **મૂલ્ય** : રૂા. ૩૦/-

---

## તારંગા તીર્થની યાત્રા કરી છે ? કરવી છે ? તો આ પુસ્તક તમારી પાસે જોઈએ જ !

તારંગા તીર્થની જાણકારી હાથવગી બની રહેશે ! એનો ઈતિહાસ.. એના દેરાસરોની માહિતી.... મુખ્ય જિનાલયનો કળા વૈભવ... અન્ય દેરાસરોમાં સચવાયેલો શિલ્પ તથા કળાનો ખજાનો..... આવી તો અનેક વાતો ... પાછી તીર્થના અનેક બહુરંગી ફોટાઓ સાથે !

રાજર્ષિ કુમારપાળ વિનિર્મિત તારંગા તીર્થ. **મૂલ્ય** : રૂા. ૩૦/-

---

## કુંભારિયાજી તીર્થની યાત્રા કરી આવ્યા ?

કુંભારિયાજી તીર્થની યાત્રાએ જવાના છો ? એ તીર્થનો મજાનો ઈતિહાસ, અજાણ વાતો, એના પાંચ દેરાસરોનો પરિચય, અજાણ વાતો, એના પાંચ દેરાસરોનો પરિચય, પાંચે દેરાસરોમાં પથરાયેલો શિલ્પ અને સ્થાપત્યનો કળા ખજાનો !

આ બધું જોવા - જાણવા અને માણવા આ પુસ્તક વસાવી લ્યો !

મૂલ્ય : રૂા. ૩૦/-

સંપર્ક કરો : **શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**

~~શ્રેષ્ઠી~~ લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

**E-mail : shree_sangh@yahoo.com / info@anandjikalyanjipedhi.org**

**પેઢી સંચાલિત તીર્થોમાં પણ આ પુસ્તકો મળશે.**

# તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શ્રી ચ્યવનભાઈ હેમેન્દ્રભાઈ સંઘવી
વિશ્રુત જેમ્સ ૭૦૧/૨-એ અમન ચેમ્બર્સ, સાતમે માળ,
૧૧૩ મામા પરમાનંદ માર્ગ,
ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિ નં. : ૩૨૯૬૧૮૭૦
સમય : બપોરે ૧૨ થી ૫ (રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ. નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આનંદ કલ્યાણ' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

અને છેલ્લે

આપને જો આ અંક ગમે... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ? એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો તો અમને બહુ જ ગમશે ! પત્રવ્યવહાર માટે
ઈ-મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.
E-mail : anandkalyanmagazine@gmail.com

ઉદ્દેશ

- ૫૦૦મી સાલગીરી નિમિત્તે નાની યોજના દ્વારા દરેક શ્રાવક-શ્રાવિકાને સહભાગી થવાનો અમૂલ્ય અવસર.
- ૫૦૦મી સાલગીરી પ્રસંગની અદ્ભૂત અને અદ્વિતીય ઉજવણી.

આ ફંડ અને તેનું વ્યાજ ક્યાં વપરાશે?

- આ રકમ ટ્રસ્ટમાં "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ" ખાતે જમા રહેશે.
- આ કોર્પસ ફંડનું વ્યાજ સર્વ સાધારણ ખાતામાં જેવા કે સાત ક્ષેત્ર, જીવદયા અને અનુકંપા વિગેરેમાં જરૂરિયાત પ્રમાણે વપરાશે.
- રકમ દર વર્ષે રૂા. ૩૬૦ અથવા એક સાથે રૂા. ૫૪૦૦ બંને વિકલ્પમાં જમા કરાવી શકાય છે.
- **Anandji Kalyanji Pedhi** મોબાઈલ એપ્લીકેશનના ઉપયોગ દ્વારા **online** રકમ પણ જમા કરી શકાશે.

વિશેષ જાણકારી માટે સંપર્ક કરો:

અમદાવાદનું સરનામું:

શેઠ આણંદજી કલ્યાણજી, ૨૫ વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ. ૩૮૦૦૭ ફોન ૯૧-૭૯ ૨૬૬૧૦૩૮૭

**હેલ્પ લાઈન નંબર : +91-93 75 500 500, +91-93 76 500 500**

info@anandjikalyanjipedhi.org

www.anandjikalyanjipedhi.org

Social Presence

ડાઉનલોડ કરો Anandji Kalyanji Pedhi App



અંક : 5

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

BOOK - POST

*To,*

**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**
**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**